---

**શહેરાનાં એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં જી.પંચમહાલ,મુ.શહેરા.**

---

ફોજદારી કેસ નંબર– 286/2026

ફરિયાદી :– આંક–

| |
|---|
| 1) GOVERNMENT OF GUJARAT<br>Address - GANDHINAGAR |

**<u>વિરૂઘ્ધ</u>**

આરોપી :–

| |
|---|
| 1) SALAMBHAI SHANABHAI PAGI<br>Address – DALVADA KHANT FALIYU, TA-SHAHERA, PANCHMAHALS |

**<u>ગુનો :– પ્રોહી. એકટની કલમ–૬૫ એ.એ. મુજબ</u>**

## <u>–: ચુકાદો :–</u>

(૧) સદરહું કામના આરોપી વિરૂઘ્ધ **પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ)** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી બાદમાં આંક:– થી પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસીસમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહિતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ઘ્યાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**–:: હુકમ::–**

સદર કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે **પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ),** ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને બોમ્બે પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ), મુજબ ગુન્હા માટે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૧૫૦/–** પુરા (અંકે રૂપિયા એક સો પચાસ પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો **દિન–ત્રણ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૪ મી માહે, માર્ચ, ૨૦૨૬ ના રોજ સ્પે.સીટીંગમાં (લોક અદાલતના દિવસે) જાહેર કર્યો.

તા. ૧૪/૦૩/૨૦૨૬.
મુ.શહેરા.

**(એ.આર.તાપીયાવાલા)**
પ્રિન્સી.સીની.સીવીલ અને
એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
શહેરા,જી.પંચમહાલ,
(જજ કોડ જીજે ૦૦૭૩૩)